ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૧૭૯૬-૩૧૦૪

કમિશનર શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,

ગુ.રા.ગાંધીનગર

તા.૨૨/03/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય: હિટવેવ-૨૦૨૪ અંગે પૂર્વતૈયારી કરવા બાબત.

સંદર્ભ: (૧) સદર કચેરી પી.એસ.કાર્યાલયના પત્રાંક: ૧૪૩, તા.૧૫/03/૨૦૨૪

(૨) સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના પત્ર તા.૧૫/03/૨૦૨૪

(૩) રાષ્ટ્રીય આપદા પ્રબંધન પ્રાધીકરણ ગૃહ મંત્રાલયના પત્ર તા.0૬/03/૨૦૨૪

(૪) ભારત સરકારના ભારત મૌસમ વિજ્ઞાન વિભાગના પત્ર તા.01/03/૨૦૨૪

(૫) સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ વિભાગના પત્ર તા.0૯/0૨/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપણે વર્ષ દરમિયાન ત્રણ ઋતુઓનો અનુભવ કરીએ છીએ. પરંતુ ઉનાળામાં એપ્રિલ અને મે મહિનામાં ગરમીનો પારો પીક પર હોય છે. આવા સંજોગોમાં વાતાવરણની સાથે શરીરની ગરમી પણ વધવા લાગે છે જેના કારણે ડીહાઇડ્રેશન અને લૂ લાગવાની સંભાવના વધી જાય છે. જેથી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ઉનાળાની ગરમીમાં સલામતી માટે નીચે મુજબના પગલાં લેવા જોઇએ.

શાળામાં આપવાની સૂચનાઓ:

1. બપોર સમયના પીકહીટથી બચવા માટે શાળાનો સમય પુન:સુનિશ્ચિત કરવા.
2. તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પીવાના પાણીની પરબની વ્યવસ્થા કરવી.
3. રમત-ગમતની/આઉટડોરની પ્રવૃતિઓ ટાળવી.
4. શાળા પરિસરમાં છાયાદાર વૃક્ષોના વૃક્ષારોપણ પ્રવૃતિમાં વધારો કરવો.
5. શાળા તાસ દરમિયાન બાળકોને પાણી પીવાની છુટ આપવી.

આથી, ઉપર જણાવેલ સૂચનાઓનો અમલ કરવા અને ગુજરાતની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ સંયુકત શિક્ષણ નિયામક માધ્યમિકના આદેશાનુસાર.

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા.ગાંધીનગર

બિડાણ: સંદર્ભ પત્ર

નકલ સવિનય રવાના જાણ સારૂ:

(૧) સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર,"છ-૪બી", પુનિત સર્કલ, સેકટર-૧૮, ગાંધીનગર.૩૮૨૦૨૧

(૨) રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.

તમામ શાળાઓને જાણ કરીશો

૨૨/03/૨૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી બોટાદ
તારીખ. ૨૨/03/૨૦૨૪
ઈન્વર્ડ નંબર. ૬૫૫૨
શાખાનુ નામ. ૫૨૫

ક્રમાંક:પરચ/૨૦૨૪/૨૫૦-૨૫૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા સેવા સદન ,
ખસ રોડ, બોટાદ.
તા.૨૨/૦૩/૨૦૨૪

ઉક્ત પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમોનુસારની કાર્યવાહી તથા અમલવારી કરવા સારું........

**જિલ્લા શિક્ષણાધિકારી**
**બોટાદ**

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (તમામ),
નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા (બોટાદ શહેરી),
ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા-બરવાળા,
જિ.બોટાદ

**નકલ રવાના જાણ તથા અમલવારી સારું**
મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી (તમામ)- સદર કચેરી